# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૬ તા. ૯-૧૦-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત અમદાવાદને સ્માર્ટ સિટી બનાવવા અંગેની પ્રપોઝલ તૈયાર કરવાના ભાગ રૂપે નાગરિકોને સાંકળવા બાબતે મ્યુનિ. કોર્પોરેશને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. તે અંતર્ગત સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ધો. ૬ થી ૮ ના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવા પ્રયાસો કરવા.

**નિબંધ સ્પર્ધા માટે કેટલાક માર્ગદર્શક સૂચનો.**

(૧) સ્પર્ધાનો વિષય : 'મારા સપનાનું શહેર'.

(૨) નિબંધ વધુમાં વધુ ૧,૦૦૦ શબ્દમાં લખવાનો રહેશે.

(૩) સમયમર્યાદા ૨ કલાકની રહેશે.

(૪) નિબંધની ભાષા ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી રહેશે.

(૫) આ નિબંધ સ્પર્ધામાં સ્માર્ટ શહેર, અનુપમ - નિર્મળ શાળાઓ, રીવરફ્રન્ટ, કાંકરિયા તળાવ, અમદાવાદનાં જોવા લાયકસ્થળો, શહેરની સ્વચ્છતા, શહેરનું શિલ્પ-સ્થાપત્ય જેવી બાબતો ઉમેરી શકાય. આ ઉપરાંત બીજુ શું ઉમેરી શકાય કે જેથી અમદાવાદ શહેર સ્માર્ટ શહેર તરીકે વિશ્વમાં નામના મેળવી શકે તે વિશે પણ વિદ્યાર્થીઓ પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે.

(૬) દરેક શાળાના મુખ્યશિક્ષકે ભાષા શિક્ષકની મદદથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

**શાળા કક્ષાની સ્પર્ધા :-**

તા. ૨૦-૧૦-૨૦૧૫ ના રોજ શાળા સમયમાં સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાની સ્પર્ધામાંથી પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય વિજેતાની પસંદગી કરવાની રહેશે, તે પૈકી પ્રથમ વિજેતા વિદ્યાર્થીને બીટ કક્ષાએ મોકલવાના રહેશે.

**બીટ કક્ષાની સ્પર્ધા :-**

તા. ૨૬-૧૦-૨૦૧૫ ના રોજ બીટ સુપરવાઇઝરશ્રી જણાવે તે સમયે અને સ્થળે બીટ કક્ષાની સ્પર્ધા યોજાશે. બીટ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય નિબંધની પસંદગી કરવામાં આવશે.

**ઝોન કક્ષાની સ્પર્ધા :-**

તા. ૨૯-૧૦-૨૦૧૫ ના રોજ બીટ કક્ષાએ પસંદ કરેલ પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય નિબંધોમાંથી ઝોન કક્ષાએ નિર્ણાયકશ્રી દ્વારા પ્રથમ ત્રણ નિબંધો પસંદ કરવામાં આવશે. આ ઝોન કક્ષાના પસંદગી પામેલ નિબંધો શહેરકક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવશે.

**શહેરકક્ષાની સ્પર્ધા :-**

શહેર કક્ષાએ પ્રથમ ત્રણ નિબંધોને પસંદ કરી વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવશે અને શહેર કક્ષાના તમામ પસંદ પામેલ નિબંધોને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

અમદાવાદ શહેરની સ્માર્ટ સિટી માટે LOGO સ્પર્ધા તથા Tagline સ્પર્ધાનું આયોજન પણ અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને તમામ નાગરિકો પણ ભાગ લઇ શકે છે. નિબંધ સ્પર્ધા, LOGO સ્પર્ધા તથા Tagline સ્પર્ધાની સંપૂર્ણ વિગતો http://ahmedabadcity.gov.in/portal/ jsp/Static_pages/ pi_smartcity.jsp વેબસાઇટ પર જોવા મળશે.

તા.૯-૧૦-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૭ તા. ૯-૧૦-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત ચિત્ર સ્પર્ધા તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશ દ્વારા શહેરોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે અને સ્વચ્છતાલક્ષી જનજાગૃતિ સુદૃઢ કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવા સ્વચ્છતા સંબંધી પ્રવૃત્તિઓ કરવાનું નક્કી કરવામાં આવેલ. તે અંતર્ગત તા.૧૨-૧૦-૧૫ ના રોજ ધો.૫ થી ૮ના તમામ વિદ્યાર્થીઓ માટે 'હરીયાળુ શહેર' વિષય પર ચિત્રસ્પર્ધા યોજવી અને શાળામાંથી પ્રથમ ત્રણ વિજેતા બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવા. શાળાના કેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો તેની સંખ્યા બીટ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવી. વાલીસંમેલનમાં વિદ્યાર્થીઓએ દોરેલ ચિત્રોનું પ્રદર્શન કરી શકાય અને વાલીઓને તે વિશે માહિતી આપી શકાય. તદ્‌ઉપરાંત દરેક શાળાઓ અગાઉથી ઓછામાં ઓછા પાંચ રોપાઓની વ્યવસ્થા કરી આ દિવસે વાલીસંમેલનમાં આવેલ મહેમાનશ્રીઓના હસ્તે વૃક્ષારોપણ કરાવવું.

તા. ૯-૧૦-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી